# વાચકો મને લખતો રાખે છે . . .

**પ્રબુદ્ધ વર્ગ સાથે ગોષ્ઠી એ મારો જીવન-રસ છે.** એ પછીના ક્રમે આવે જીવંત શબ્દો સાથેનું સંવનન. ત્યાર બાદ આવે છે લેખનનો વારો. એ પણ, અંતરના ઊંડાણમાંથી ઝરણું ફૂટીને બહાર આવવા મથતું હોય ત્યારે જ લખવાનો પ્રયત્ન કરવો ગમે.

એ મથામણ અંદર ચાલુ હોય, સરવાળા બાદબાકી મંડાતા હોય; પછી જે નીપજે તે મારું લખાણ. તેમાં પણ વધઘટને અવકાશ હોય જ. જોડાણ કરવું કે રંધો મારવો -- એવા એવા સુધારાનો પૂરો અવકાશ પણ હોય !

છતાં, બોલાયેલા શબ્દો કરતાં લખેલા શબ્દોના પ્રતિભાવ, અનપેક્ષિતપણે અનુકૂળ, સુંદર અને ઉત્સાહવર્ધક રહ્યા છે.

તેથી, આળસ તરફ ઢળેલું મન થોડું ટટ્ટાર થાય, અંદર ઘુંટાતું હોય તેને કાગળ-કચોળામાં ઠાલવવા પ્રયત્ન થાય, એને પૂર્વ-પુરુષોના વચનોની ભાવનાનો પુટ મળે, પછી મને જે જે ગમ્યું હોય તે ગમાડવા, લેખિની દ્વારા પ્રવાહિત થઈ કાગળ પર ઊતરે. આમ આ યાત્રા આગળ આગળ ચાલતી રહે.

**- પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા ગ્રંથ ૧ ની પ્રસ્તાવનામાંથી આંશિક લખાણ**



Melbourne Shwetambar Jain Sangh

# આંબાવાડિયાની સહેલ

પ્રદ્યુમ્નસૂરિનું લક્ષ્ય સાહિત્ય નથી; એ તો ધર્મની વાતોનો રસ, વાચકને ચખાડવા માટે લખે છે. **ધરમ-કરમની વાતોને જડ નિયમોની બંધિયાર હવામાંથી બહાર કાઢીને, તરોતાજા જીવનરસ રૂપે, વાચકને ખોબે-ખોબે પાવે છે.**

અહીં તો, *'પાઠશાળા'* ના પાઠોને વાંચતાં જે રસ છૂટે છે તેનો મહિમા કરવો છે. રસળતી કલમમાંથી રસાળ રસગુલ્લાં જેવો, લેખોનો ઘાણ પ્રદ્યુમ્નસૂરિજીની *'પાઠશાળા'* માંથી જે રીતે ઊતર્યો છે તે જોતાં પાકશાળા યાદ આવે ! પણ, મને તો, આ લખાણોમાંથી પસાર થતાં, આંબાવાડિયું યાદ આવ્યું.

શહેરી માણસને આંબાવાડિયાનો અનુભવ નસીબ થતો નથી; તેથી આ ઉપમાને તે કેટલી હદે સમજી શકશે એ એક પ્રશ્ન છે. **શહેરની વચાળે ઊભા કરાયેલા 'ગાર્ડન' અને સીમ વચાળે ઝૂમતા આંબાવાડિયા વચ્ચે ઘણો ફરક છે.**

ગાર્ડનમાં આંબાવાડિયાની સુગંધ ન મળે. ગંધ જ શું કામ, રૂપ-રસ-ગંધ-સ્પર્શ બધાંય નોખાં ! આંબાવાડિયાનાં પાનની લીલાશ આંખને ઠારે, કાચી-પાકી કેરીની સુગંધ મગજને તર કરે; કેરીનો મીઠો રસ, જીભને તૃપ્તિ આપે; એમાં થઈને વહેતો શીળો પવન, રૂંવે-રૂંવે આરામ આપે ને આંબાડાળે મદભર ટહૂકતી કોયલના કુહૂ-કુહૂ નાદ, કાન સાથે મનને પણ ભરી દે. આ લેખ-સંપુટમાં પાંચેય ઇન્દ્રિયોને કોળે એવી હવા શબ્દને માધ્યમે, લેખક સર્જી શક્યા છે.



Melbourne Shwetambar Jain Sangh

પ્રદ્યુમ્નસૂરિજીની લેખણ રસઝરતી છે. ભાવની ભીનાશ તો એક-એક લખાણમાંથી નીતર્યા કરે છે. **મહારાજશ્રી પોતાની કલમને શાહીના ખડિયામાં નહિ, હૈયાની રસધારમાં ઝબોળીને લખતા લાગે છે.** સાહિત્યના પ્રસાદનો નમૂનો કોઈ પાઠ્ય-પુસ્તકમાં મૂકવો હોય તો, આ ગ્રંથમાંથી કોઇ પણ લેખ ઉપાડીને મૂકી શકાય.

લેખક રસસિધ્ધ ગદ્યકાર છે. **તેમના લેખનને સાત્ત્વિક કે તાત્ત્વિક કહેવા કરતાં, હાર્દિક કહીએ તે વધારે બંધબેસતું થાય.**

**'હાર્દિક' અર્થ પાછો બે રીતે લેવાનો : હૃદયથી લખાયેલું અને હૃદય સુધી પહોંચતું.** 'હૃદયંગમ' શબ્દનો સાચો અર્થ આ લેખો વાંચનાર સહેજે પામી જાય.

**- પરમ પૂજ્ય ઉપાધ્યાયશ્રી ભુવનચન્દ્ર મુનિ**
**પાઠશાળા ગ્રંથ ૧ ની પ્રસ્તાવનામાંથી આંશિક લખાણ**



Melbourne Shwetambar Jain Sangh

# લબ્ધિ નિધાન શ્રી ગૌતમસ્વામી

લબ્લિનિધાન શ્રી ગૌતમસ્વામી ભગવાન નામમાં કોઈ કુદરતી રીતે એવી શક્તિ છે કે ત્રણ અક્ષરને અલગ અલગ પ્રતીક ગણીએ તો,

**ગૌ** એટલે કામધેનુ ગાય,
**ત** એટલે કલ્પતરુ (કલ્પવૃક્ષ),
**મ** એટલે ચિંતામણિ.
આ ત્રણેય વાંછિતફળદાયક છે.

**ગગ્ગે કામગવી ભલી, તત્તે સુર તરુ વૃક્ષ,**
**મમ્મે મણિ ચિંતામણિ, ગૌતમ સ્વામી પ્રત્યક્ષ.**

આ દુહામાં આ જ મહિમાનું ગાન જણાય છે. તેઓના પ્રભાવની એક સુંદર ગાથા મળે છે. તે પરથી યોગની શક્તિનો પરિચય આપણે પામી શકીએ છીએ. એ ગાથા આ પ્રમાણે છે :

**तुह अंगं फरिसिय जं फासई पवणो जलासयाणं ।**
**जलां तंविउण मणुस्सा, उविंति छम्मासमारुग्गं ॥**

**અર્થ :** તમારા અંગને સ્પર્શીને જે પવન, જે તળાવના પાણીને સ્પર્શે તે પાણીને જે મનુષ્ય પીએ તેને છ મહિના સુધી રોગ ન આવે.

**અંતરંગ આત્મ જાગૃતિના પ્રભાવે આત્મિક શક્તિનો આવિર્ભાવ થતો હોય છે.** તેના ભાગ રૂપે આવા પ્રસંગો બને છે. વળી તેમની એક અન્ય વિશિષ્ટ અને વિરલ શક્તિ પણ જાણીતી છે :



Melbourne Shwetambar Jain Sangh

**જિહાં જિહાં દીજે દિક્ખ, તિહાં તિહાં કેવળ ઉપજે એ;**
**આપ કહ ને અણહુંત, ગોયમ દીજે દાન ઈમ.**

**અર્થ :** પોતાની પાસે કેવળજ્ઞાન નથી પણ તેઓ જેને જેને દીક્ષા આપે તેને કેવળજ્ઞાન પ્રાપ્તિ થઈ જાય. આવી લબ્ધિ તેઓની હતી.

આ લબ્ધિનું મૂળ તેઓના શ્રમણ મહાવીર મહારાજા પ્રત્યેના વિનયમાં છે. આવા **ઉત્તમ ફળને પામનારા વિનયનું મૂળ તેઓની નિરહંકારી મનોવૃત્તિમાં છે.** પ્રભુ મહાવીરના પ્રથમ સંપર્કમાં આવ્યા તેની પૂર્વ ક્ષણ સુધી તેઓ અહંકારની ટોચે હતા. જેવા પ્રભુ મહાવીરે તેમના હૃદયના સંશયને પ્રકાશીત કર્યો તે જ ક્ષણે તેમના અહંકારના ચીરેચીરા થઈ ગયા. અંતઃસ્થ વૈભવની આડે જે દીવાલ હતી ત્યાં વિશાળ દ્વાર ઉઘડી ગયું. જીવનભર પ્રભુના દાસના યે દાસ થઈને રહ્યા. દીક્ષા વખતે ગૌતમ મહારાજાની વય પચાસ વર્ષની હતી અને પ્રભુ મહાવીર બેંતાલીસ વર્ષના હતા ! છતાં અદ્‌ભુત નમ્રતા-વિનય. વિનયની પરિપકવતાના પૂર્ણ દર્શન ત્યારે થાય છે કે જ્યારે તેઓ આનંદ શ્રાવકને સામે ચાલીને ‘મિચ્છા મિ દુક્કડમ્' દેવા જાય છે. નૂતન વર્ષ જેવા પવિત્ર દિવસે, જે દિવસે તેઓને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે તે દિવસોમાં તેઓના ચરણોમાં પ્રણિપાત કરીને આપણે તેઓમાં સિદ્ધ થયેલો વિનય ગુણ તેઓના પ્રભાવે આપણામાં પ્રગટ થાય તેવું માંગવાનું મન થાય છે. **લબ્ધિ અને શક્તિનો આંગળીયાત છે વિનય. મહિમા મૂળનો છે. મૂળ મજબૂત તો ડાળ-પાંદડાં, ફૂલ અને ફળ તો ઝૂમખે ઝૂમખે આવવાના. આપણે મૂળ, વિનયનું પ્રણિધાન કરીએ.**

**- પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા અંક ૦૨**



Melbourne Shwetambar Jain Sangh

# સુખી થવાની સાદી ચાવી असतो माँ सत् गमयः

માણસે માણસમાંથી સારા બનવા માટે મહેનત કરવી પડે છે. **સારા બની જવું એ તો સહેલું કામ છે પણ સારા બની રહેવું એ અઘરું કામ છે.** એ અઘરા કામને સહેલું બનાવનારા ત્રણ પગથિયા છે : સદ્‌સંગ; સદ્‌વાચન; સદ્‌આચાર.

આજના, અસત્ થી ઉભરાતા યુગમાં સત્‌પુરુષનો મેળાપ થવો એ સદ્‌ભાગ્યની નિશાની ગણાય. **ખારાઘૂઘ મહેરામણમાં સત્ ની મીઠી વીરડી જેવા સત્‌પુરુષનો સમાગમ તો ઇશ્વરની કૃપા થાય ત્યારે જ થાય.** એટલે આ વીરડીને સતત પામવા જરૂરી છે રોજનું સદ્‌વાચન. વાચન સાથે સત્‌શ્રવણ અને સત્ દર્શન પણ વણી લેવાના છે જ.

ડગલે ને પગલે ઠેબે ચડતા અસત્ વાચન-શ્રવણ-દર્શનના ઉકરડા જેવા ઢગલામાંથી સત્ ને વીણી લેવાના, પરખવાના અને એ પરખવાનું આવડી જાય, ફાવી જાય તો એ **સત્ વાચન, શ્રવણ અને દર્શન, સદ્‌આચારને જન્માવ્યા વિના ન રહે.** આવા સદાચારી એટલે નિર્વ્યસની. આવા સદાચારી એટલે વિનયી. આવા સદાચારી એટલે સજ્જન. આવા સદાચારનો પ્રકાશ જેના જીવનમાં પથરાય તે સદાચારી.

**સદાચારી તે સદા સુખી એ ન્યાયે એ હંમેશા સુખી રહે છે. આ સુખની ચાવી છે.**

**- પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**

**પાઠશાળા અંક ૦૩**



Melbourne Shwetambar Jain Sangh